# પદ્ય

## 1- સાંજ સમે શામળિયો




**કવિ:-** નરસિંહ મહેતા

**સાહિત્ય પ્રકાર:-** ગીત-કાવ્ય/પદ/ભક્તિગીત

**સાહિત્ય સંગ્રહ:-** "નરસિંહ મહેતાના કાવ્યો" માંથી

**કવિ પરિચય:-**

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજામાં થયો હતો, તેમની કર્મભૂમિ જૂનાગઢ હતી. નરસિંહ મહેતાને "આદિકવિ" નું બિરુદ મળેલ છે. નરસિંહના "પ્રભાતિયા" આજે પણ લોકકંઠે ગવાય છે. અને જગ વિખ્યાત છે. તેમનું "વૈષ્ણવજન" પદ ગાંધીજીને અતિપ્રિય હતું. તેઓ ઉત્તમ ઉર્મિકવિ હતા. "સુદામા-ચરિત્ર", "શામળશાનો વિવાહ", "કુંવરબાઈનું મામેરું" જેવી ચરિત્રાત્મક કાવ્યરચનાઓ છે. "હાર", "હૂંડી", "શ્રાદ્ધ" આત્મવૃતાન્ત પદો છે.

**કવિતા/ગીતનો સારાંશ:-**

ભક્ત કવિ નરસિંહ મહેતા "સાંજ સમે શામળિયો" ભક્તિ ગીતમાં વૃંદાવનથી આવતા શામળિયા (કૃષ્ણ)નું વર્ણન કરે છે. એના રૂપ સૌંદર્યને જોઈ મુગ્ધ થયેલાં કવિ શામળિયાને ગિરધર, વહાલાજી અને સ્વામી શબ્દથી નવાજે છે.

**સૂચના:-**

1) "સાંજ સમે શામળિયો" મુખપાઠ કરવું.
2) સ્વ-અધ્યયનના પ્રશ્નોના ઉત્તર લખશો.

**કાવ્યોનો ભાવાર્થ:-**

**સાંજ સમે શામળિયો વહાલો, વૃંદાવનથી આવે;**
**આગળ ગોધન, પાછળ સાજન,મનમાં મોહ ઉપજાવે. – સાંજ. 1**

સાંજના સમયે ગાયોનું ધણ ગામ તરફ પાછું વળતું હોય એવા સમયે શામળિયો એટલે કે કૃષ્ણ ભગવાન વૃંદાવનથી આવી રહ્યો છે. એમના માટે વહાલો શબ્દ પ્રયોજીને એમના મધુર રૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. આગળ ગોધન અને પાછળ સાજન (ગોવાળો) ની વચમાં શામળિયો (કૃષ્ણ)નું આ દ્રશ્ય જ મનને મોહ પમાડનારું છે.

**મોર મુગુટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહકે;**
**પહેર્યો પીતાંબર, ફૂલની પછેડી, ચુઆ - ચંદન મહકે, – સાંજ. 2**

શામળિયાને મસ્તક પર સુંદર મોર મુગુટ ધારણ કર્યો છે. કાનમાં કુંડળ ઝૂલી રહ્યા છે. શરીર પર પીતાંબર અને ફૂલની પછેડી ધારણ કર્યાં છે. એ પછેડી ચુઆ – ચંદનથી મહેકી રહ્યાં છે.

**તારામંડળમાં જેમ શશિયર શોભે હેમે જડિંગ હીરો ;**
**તેમ ગોવાળમાં ગિરધર શોભે, હરિ હળધરનો વીરો. – સાંજ. 3**

કૃષ્ણનાં રૂપની શોભાનું વર્ણન કરતાં કવિ નરસિંહ મહેતા જુદીજુદી ઉપમાઓ પ્રયોજે છે. તારાઓની વચ્ચે શશિયર (ચંદ્ર) શોભે હેમ (સુવર્ણ)નાં અલંકારમાં જડેલો હીરો એમ ગોવાળોની વચ્ચે ગિરધર(કૃષ્ણ) શોભી રહ્યાં છે. આ જ હરિ (કૃષ્ણ) હળધર એટલે કે બલરામનો ભાઈ છે.

**વહાલાજીનું રૂપ રૂદેમાં વસિયું, મનડું તે ઘસિયું મારું;**
**આળ કરી આલિંગન દીધું તન-મન મુખ પર વારું. - સાંજ. 4**

વહાલજીનું આ કામણગારું રૂપ કવિના હદયમાં વસી ગયું છે. એમને મળવા કવિનું હ્રદય વેગથી દોડી અને વ્હાલથી ભેટે છે. કવિ નરસિંહ મહેતા તન-મનથી એમના મુખ પર વારી જાય છે.

**વહાલાજીનું રૂપ મહાશુભકારી, રસિયા વિણ કેમ રહીએ ?**
**નરસૈંયાચા સ્વામીની શોભા નિરખી નિરખી હરખીએ. – સાંજ. 5**

વહાલાજી - કૃષ્ણનું રૂપ અતિ કલ્યાણકરી છે. આવા રસિયા વગર રહી શકાય એમ નથી. નરસિંહ મહેતાનાં સ્વામી (કૃષ્ણ)નું રૂપ સૌંદર્ય વારંવાર નિરખતા પોતાનું મન હરખાય છે.

## શબ્દાર્થ

| | |
|---|---|
| સમે - સમયે | હેમ – સોનું,કનક,સુવર્ણ |
| ગોધન – ગાયોનું ધણ | તન – શરીર |
| સાજન – (અહીં) ગોવાળો | મુખ – વદન |
| શિર – મસ્તક | મહાશુભકારી – અતિ કલ્યાણકારી |
| શશિ – ચંદ્ર | નીરખવું – ધ્યાનથી જોવું |

## સ્વઅધ્યયન

**પ્રશ્ન.1 નીચેના પ્રશ્નોનાં માગ્યા મુજબ ઉત્તર લખો.**

(અ) સમાનર્થી શબ્દો લખો :

મસ્તક - ........................................
ચંદ્ર - ........................................
કનક - ........................................
મુખ - ........................................

(બ) તળપદા શબ્દો લખો :

સમે - ..........................................
જડિંગ - ..........................................
રૂદે - ..........................................

(ક) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :

1) પીળું રેશમી વસ્ત્ર - .........................
2) હળને ધારણ કરનાર - ....................
3) એક જાતનું સુગંધી લાકડું - ..........................
4) કાનમાં પહેરવાનું એક ઘરેણું - .........................

**પ્રશ્ન.2 નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર લખો:**

1) ગોવાળોમાં ગિરધર કેવા શોભી રહ્યાં છે. ?

..........................................................................................................................

..........................................................................................................................

2) સાંજના સમયે કોણ આવી રહ્યું છે , ?

..........................................................................................................................

..........................................................................................................................

**પ્રશ્ન.3 નીચેના પ્રશ્નોનાં બે- ત્રણ વાકયમાં ઉત્તર લખો:**

1) કાવ્યનાં આધારે સાંજના સમયનું દ્રશ્ય આલેખો

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**પ્રશ્ન.4 નીચેનાં પ્રશ્નોનાં સાત- આઠ લીટીમાં મુદ્દાસર ઉત્તર લખો:**

1) કૃષ્ણરૂપ મહાશુભકારી છે એમ કવિ શા માટે કહે છે ?

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................


..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

*

## 2. ચોરી અને પ્રાયશ્ચિત



**સાહિત્યપ્રકાર:-** આત્મકથા અંશ

**લેખક:-** ગાંધીજી

**લેખકનું પૂરું નામ:-** મોહનદાસ કરમચંદ ગાંધી

**બિરુદ:-** બાપુ, મહાત્મા, રાષ્ટ્રપિતા

**જન્મ:-** 02/10/1869

**મૃત્યુ:-** 30/01/1948

### લેખક પરિચય:-

મહાત્મા ગાંધીનો જન્મ 2 જી ઓક્ટોબર 1869 ની સાલમાં પોરબંદરના સુદામાપુરીમાં થયો હતો. એમના માતાનું નામ પૂતળીબાઈ અને પિતાનું નામ કરમચંદ ગાંધી હતું. ગાંધીજીએ પ્રારંભિક શિક્ષણ પોરબંદર અને રાજકોટમાં અને કાયદાનું શિક્ષણ ઈંગ્લેન્ડમાં લીધું હતું, અને દક્ષિણ આફ્રિકામાં વકીલાતનો વ્યવસાય સ્વીકાર્યો હતો. ત્યાં રંગભેદના કારણે થયેલા અન્યાયને ધ્યાને લઈ ત્યાંના લોકોને ન્યાય અપાવવા લડ્યા હતા.

ત્યારબાદ ભારતમાં આવીને અંગ્રેજોની ગુલામીમાંથી ભારત દેશને આઝાદી અપાવવા માટે સત્યાગ્રહની ચળવળનું નેતૃત્વ સ્વીકાર્યું હતું અને ભારતને આઝાદી અપાવી હતી. ગાંધીજીએ પોતાના જીવનમાં કરેલા સત્યના અને અહિંસાના પ્રયોગો થકી એમની આત્મકથા ‘સત્યના પ્રયોગો’ની રચના કરી હતી. જે વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદિત થયેલ છે. તેમણે “દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ”, “અનાસક્તિયોગ”, “હિન્દ સ્વરાજ”, “સર્વોદય”,”મંગળ પ્રભાત”, “ગાંધીજીના પત્રો” વગેરે નોંધપાત્ર પુસ્તકોની રચના કરેલ છે. જે આજે ગાંધીજીનો અક્ષરદેહ ગ્રંથ શ્રેણીમાં સંગ્રહાયેલ છે.

આ પાઠનો સાહિત્ય પ્રકાર આત્મકથા અંશ છે એટલે કે; જીવનમાં બનેલ સત્યઘટનાઓ કે પ્રસંગોનું સચોટ વર્ણન.

આજે આપણે આત્મકથા ખંડ “ચોરી અને પ્રાયશ્ચિત” પાઠમાં પ્રાયશ્ચિતના મહત્વને જાણીશું.

**“હા, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,**
**પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.”**